Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
UGC Approved Journal No. 63726
Impact Factor:3.021 website: www.researchguru.net
Volume-11,Issue-3,December-2017

# વીર વિઠ્ઠલભાઇનું અનોખું વ્યક્તિત્વ

ડૉ. વસંત પટેલ
આસિસ્ટન્ટ પ્રોફેસર, પી.જી. ડીપાર્ટમેન્ટ ઓફ હીસ્ટ્રી,
સરદાર પટેલ યુનિવર્સિટી વલ્લભ વિદ્યાનગર-388120

કરમસદના ખેડૂતનો દીકરો મધ્યસ્થ ધારાસભાનો પ્રમુખ બને એટલે કે દિલ્હીના દરબારમાં બેસે એ સુયોગ સૌ પ્રથમ બન્યો વિઠ્ઠલભાઇના કિસ્સામાં. વિઠ્ઠલભાઇની દૃષ્ટિ વેધક, અને એમની કાર્યશૈલી આગવી. એમના દાઢીના વાળ પંપાળતા પંપાળતા એ 'નારાયણ' 'નારાયણ' બોલે ત્યારે એમના મનની ભીતરમાં શું ચાલી રહ્યું હશે તે કળવું મુશ્કેલ પડે. કોઇથી કે કોઇ પરિસ્થિતિથી એ ડરે નહીં એટલે એકલા હોવા છતાં જમાનો ખાધેલા દિલ્હીના, સૌ હાકેમોને એમણે આંગળાં ચાટતા કરેલા અને ધારાસભાના પ્રમુખનાં માન ને મોભો વધારી, નીરોગી પાર્લામેન્ટરી પદ્ધતિનો પાયો નાખેલો. આવા મહાપુરુષના વ્યક્તિત્વને પ્રસ્તુત લેખમાં ઉજાગર કરવાનો ઉપક્રમ સેવ્યો છે.

ઇ.સ. 1916માં મુંબઇ પ્રાંતિક રાજકીય પરિષદનું અધિવેશન ઝીણાના પ્રમુખપદે અમદાવાદમાં મળ્યું. આ અધિવેશનની બધી તૈયારીઓ ગુજરાત સભાએ જ કરેલી. ઇ.સ. 1907ની સુરત કોંગ્રેસમાં નરમ અને ગરમ દળ વચ્ચે ભંગાણ પડ્યા બાદ અમદાવાદના આ અધિવેશનમાં બંને પક્ષના નેતાઓ હાજરી આપવાના હતા. લોકમાન્ય ટિળકના આગમનથી યુવાનોમાં અનેરો ઉત્સાહ જોવા મળતો હતો. આવા રાષ્ટ્રપ્રેમી યુવાનો ટિળકનું જાહેર સન્માન કરવા ઇચ્છતા હતા. યુવાનોના નેતા ડૉ. હરિપ્રસાદ દેસાઇ ગાંધીજીને મળ્યા અને તેમણે યુવાવર્ગની લાગણી ગાંધીજી સમક્ષ રજૂ કરી. ગાંધીજીએ કહ્યું 'અમદાવાદને શોભે તેવું લોકમાન્યનું ભવ્ય સ્વાગત થવું જોઇએ અને બન્યું પણ એવું જ લોકમાન્યનું ભવ્યતિભવ્ય સ્વાગત થયું અને અમદાવાદમાં કદી ન નીકળેલું એવું વિરાટ સરઘસ નિકળ્યું.[1] મહત્ત્વની એ બાબત છે કે આ પરિષદમાં ભાગ લેવા મુંબઇથી વિઠ્ઠલભાઇ ખાસ આવ્યા હતા. ટિળક સાથેના વિઠ્ઠલભાઇના સંબંધો જોઇએ તો વિઠ્ઠલભાઇને રંગ લગાડનાર પ્રથમ નેતા લોકમાન્ય તિલક હતા તેઓ વિઠ્ઠલભાઇને ઇગ્લેન્ડમાં મળ્યા હતા. રાજકારણ માટેના આવેશ તથા વ્યવહારુ અભિગમની સમાનતાને કારણે બંને વચ્ચે મિત્રતા ઝડપથી વિકસી પરંતુ તિલકના અકાળે મૃત્યુ બાદ વિઠ્ઠલભાઇ તેમના આદર્શોમાં એકલા પડી ગયા તેમ કહી શકાય. તિલક બાદ ગાંધીજીનું વિઠ્ઠલભાઇ પરનું વર્ચસ્વ વિવાદાસ્પદ રહ્યું છે. વિઠ્ઠલભાઇએ ગાંધીજીના પ્રદાનનું મૂલ્ય યોગ્ય આંકયું હોવા છતાં તેઓ ગાંધીજીની દૂરંદેશી તથા રાજકીય નિપુણતા પ્રત્યે શંકાશીલ રહ્યા હતા. વિઠ્ઠલભાઇ માટે અહિંસાનો આદર્શ શ્રદ્ધાનો વિષય ન હોતાં માત્ર એક સગવડનું સાધન હતો. આમ છતાં વિઠ્ઠલભાઇનો દૃઢ મત હતો કે ગાંધીજી જે કાર્ય કરી શક્યા તે અન્ય કોઇ કરી શકત નહીં.[2]

ચંપારણ સત્યાગ્રહમાં વિજય પ્રાપ્ત કર્યા બાદ 1917માં ગુજરાત સભાએ ગાંધીજીને પ્રમુખપદે નીમ્યા અને

ગુજરાત સભાએ ગુજરાતમાં દર વર્ષે રાજકીય પરિષદ ભરવાનો વિચાર કર્યો. અને પ્રથમ રાજકીય પરિષદ ઇ.સ. 1917માં ગોધરા મુકામે ભરાઇ તેનું પ્રમુખસ્થાન સ્થાનિક કાર્યકર્તાઓના આગ્રહથી ગાંધીજીએ સ્વીકાર્યું.

પરિષદનું અધિવેશન પૂરું થયું તે જ રાત્રીએ ગોધરાના ભંગીવાસમાં અંત્યજ પરિષદ મળી. આ પરિષદનું સુંદર આયોજન ઇન્દુલાલ યાજ્ઞિકના પ્રયાસથી થયું હતું. પરિષદમાં વલ્લભભાઇ અને વિઠ્ઠલભાઇ બંને ઉપસ્થિત હતા. વિઠ્ઠલભાઇએ સાધુના જેવી ગેરુઆ રંગની લાંબી કફની અને માથે કાનટોપી પહેરેલી. તેઓ એક ખૂણામાં બેઠા હતા. ઠક્કરબાપાએ આગ્રહ કરીને તેમને ગાંધીજીની પાસે બેસાડ્યા. તેમનો આવો વિચિત્ર પોશાક જોઇને ગાંધીજી સહિત સૌ હસી પડ્યા. અંત્યજ પરિષદના મહત્ત્વ વિશે અને અસ્પૃશ્યતા અંગે ભાષણો થયાં. છેવટે ગાંધીજી વિઠ્ઠલભાઇને ખભે હાથ મૂકીને ઊભા થયા અને બોલ્યાઃ 'નરસિંહ મેહતાએ ગાયું છે કે, પક્ષાપક્ષી ત્યાં નહીં પરમેશ્વર' એટલે અહીં બે દિવસ રાજકીય પરિષદ ચાલી તેમાં પરમેશ્વર હતા કે નહીં તે કહી શકાય નહીં, પણ આ પરિષદમાં ચોક્કસ તેની હાજરી છે જ'. ત્યાર બાદ વિઠ્ઠલભાઇની કફની પર હાથ ફેરવીને ગાંધીજીએ આગળ ચાલતાં કહ્યુઃ 'વિઠ્ઠલભાઇ આજે આ પોશાકમાં આવીને બેઠા છે તેથી હું એમની છાતી તપાસી જોઉં છું કે અંત્યજપ્રેમ એમના દિલમાં છે કે નહીં. જો હશે તો આપણે આ કામમાં ચોક્કસ ફતેહ મેળવીશું..." ગાંધીજીનું ભાષણ પૂરું થયા બાદ વિઠ્ઠલભાઇ ઊભા થયા અને બોલ્યાઃ 'મારો પોશાક જોઇને અહીંના લોકોને નવાઇ લાગી હશે, પરંતુ મુંબઇ શહેરમાં હું ઘણી વાર આ પોશાકમાં ફરું છું. એનું કારણ એ છે કે હું સાધું છું. મારે નથી ઉલાળ કે ધરાળ. પણ ગાંધીજીને એટલી ખાત્રી આપું છું કે આ પોશાક જે ઉપર દેખાય છે તે જ મારા દિલની અંદર પણ છે.' વિઠ્ઠલભાઇના શબ્દોને શ્રોતાજનોએ તાળીઓના ગડગડાટથી વધાવી લીધા.[3] 1917માં અતિવૃષ્ટિને લીધે ખેડા સત્યાગ્રહ થયો. ગાંધીજીએ સરદારને સત્યાગ્રહનું નેતૃત્વ સોંપ્યું. વિઠ્ઠલભાઇ પણ સમાચાર મળતાં ગુજરાત આવી પહોંચ્યા અને જાત તપાસ માટે તેઓ ખેડા જિલ્લાના અનેક ગામો ફર્યા અને પોતાનો અહેવાલ તૈયાર કરી સરદારના ઘરે આપવા આવ્યા અને મોટા ભાઇ હોવા છતાં સરદારના સૈનિક બનીને કાર્ય કર્યું.

ગાંધીજી અને વલ્લભભાઇએ સ્વાતંત્ર્યસંગ્રામની યુદ્ધભૂમિ તરીકે બારડોલી પસંદ કર્યું. પરંતુ ગાંધીજીએ ખેડૂતોને આકરી સલાહ આપતાં પહેલાં તેમની શક્તિ પારખી લેવાનું યોગ્ય લાગ્યું અને આ શક્તિ અને સમજનું ચોક્સ માપ કાઢવાનું કામ વિઠ્ઠલભાઇને સોંપ્યું. વિઠ્ઠલભાઇએ તેમનો મુકામ બારડોલીમાં નાખ્યો અને બારડોલીના ગામે ગામ ખૂંદી વળ્યા. કુશળ ધારાશાસ્ત્રીની દૃષ્ટિએ લોકમાનસને પરખનારા વિઠ્ઠલભાઇએ ઝીણામાં ઝીણી વિગતો તાલુકાનાં સ્ત્રીપુરુષોને મળીને જાણી લીધી અને બારડોલી લડત માટે તૈયાર છે તેવી તેમને ખાતરી થતાં તા. 30મી જાન્યુઆરી 1922ના રોજ સામુદાયિક સત્યાગ્રહનો ઠરાવ કરવા માટે બારડોલી તાલુકા પરિષદ બોલાવવાનો નિર્ણય કર્યો. એ પરિષદના પ્રમુખ સ્થાને વિઠ્ઠલભાઇની વરણી કરવામાં આવી.

પરિષદના પ્રમુખ તરીકેના પોતાના વ્યાખ્યાનમાં વિઠ્ઠલભાઇએ તાલુકાની તૈયારી અંગેની તપાસનો અહેવાલ રજૂ કર્યો. તાલુકાની તૈયારીની વાત કર્યા પછી લોકોને વિઠ્ઠલભાઇએ સાફ શબ્દોમાં કહ્યુઃ 'તમે જે કીર્તિ ખાટી ગયા છો એ કીર્તિની કિંમત તમારી પાસે હિન્દુસ્તાન માગી શકે છે. જો તમે એ કીર્તિની કિંમત આપવા નાલાયક હો તો અત્યારથી તેવું કહી દેજો. એમ સ્પષ્ટ કહી દેશો તો તમારો આખા હિન્દુસ્તાન ઉપર ઉપકાર થશે. એક વાર રણે ચડ્યા પછી કાયર થઇ પાછી પાની કરવી તે કરતાં પહેલેથી જ નાલાયકી કબૂલ કરવી એમાં શૂરવીરતા છે.' પરિષદમાં વિઠ્ઠલભાઇએ પોતાની તપાસનો વૃત્તાંત આપ્યો અને કહ્યું કે 'સત્યાગ્રહના પ્રતિજ્ઞા પત્રમાં 100માંથી 99 સહીઓ લોકોએ પૂરું સમજ્યા પછી જ કરી છે એની મે ખાત્રી કરી છે. બારડોલી તાલુકાના 30,000

પાટીદારોમાંથી 75 ટકા લડતમાં સામેલ થવા તૈયાર છે. વાણીયા, બ્રાહ્મણ વગેરે લડતની વિરુદ્ધ નથી તેમણે એટલી ટીકા કરી કે 45,000 દૂબળા તથા ઢોડિયા વગેરે રાનીપરજ વર્ગમાં કાર્યકર્તાઓએ હજી પ્રવેશ કર્યો નથી. કોમી ઐક્ય, અસ્પૃશ્યતાનો ત્યાગ, રાષ્ટ્રીય શિક્ષણ વગેરેને લગતી પરિસ્થિતિ એકંદરે સંતોષકારક જણાઇ હતી.'[4] વિઠ્ઠલભાઇના માર્મિક કટાક્ષ વ્યક્ત કરતા ભાષણોથી બારડોલીની પ્રજામાં જોમ અને જુસ્સો વધ્યો અને પ્રજા લડત આપવા માટે તત્પર બની. બારડોલીની જિનના બે ઓરડામાં ગાંધીજી અને વિઠ્ઠલભાઇ રહેતા તેનાથી થોડે દૂર કલ્યાણજીભાઇ, કુંવરજીભાઇ, કવિશ્રીનાનાલાલ, ઇન્દુલાલ યાજ્ઞિક વગરે રેહતા, ત્યાં રોજ રાત્રે તેમની 'હીહી કલબ' ચાલતી આખો દિવસ ગામડે ગામડે રખડીને થાકયાપાક્યા, મોડી રાત્રે મિત્રો એકઠા થતા. અને ત્યાં હાસ્યવિનોદની મહેફિલ જામતી તેથી તેનું નામ 'હાહા હીહી ક્લબ' પડ્યું હતું. વિઠ્ઠલભાઇ અને વલ્લભભાઇની વિનોદવૃત્તિ સૌથી ચડી જાય એવી હતી.

એક વાર વિઠ્ઠલભાઇ ઉતાવળા ઉતાવળા એ કલ્બના દરવાજે આવ્યા અને બોલ્યાઃ "અલ્યા કણબાઓ! તમે બધા અહીં 'હી હી' કરો છો પણ પણે તો ડોબું માંદણે બેઠું!'. ક્લબના મેમ્બરો સમજયા કે જિનના કમ્પાઉન્ડના ખાબોચિયામાં કોઇ ડોબું પડ્યું હશે. એટલે કુંવરજીભાઇ કહે, "ત્યાં તો એ રોજ માંદણે પડે છે." વિઠ્ઠલભાઇ કહેઃ "અરે કણબા, પેલા ડોસા પલાંઠી વાળી ગયા!" કુંવરજીભાઇ હસતાં હસતાં બોલ્યાઃ "બાપુ તો રોજ પલોંઠી વાળે છે, એમાં શું?" વિઠ્ઠલભાઇએ જરા ઊંચા અવાજે કહ્યુઃ "અરે ગાંડાઓ! સાતસો માઇલ દૂરથી દેવાનો (દેવદાસ ગાંધી) તાર આવ્યો કે થોડાક પોલીસોને (ચૌરીચોરા હત્યાકાંડ) લોકોએ ફૂંકી મૂક્યા એટલે ડોસાએ લડત બંધ રાખવાનો નિશ્ચય કરી લીધો છે." એ સાંભળતાં જ જાણે બૉમ્બ પડ્યો હોય તેમ એકદમ સૌ ઊભા થઇ ગયા અને તરત જ ગાંધીજી પાસે દોડી ગયા. ગાંધીજી ખુબ દુઃખી હતા તેમની સામે દલીલ કરવાની કોઇની હિંમત ન ચાલી પણ વિઠ્ઠલભાઇ કહ્યુઃ "આવડો મોટો દેશ છે, તે કોઇ જગ્યાએ આવુ છમકલું તો થાય. વાઇસરોયને અલ્ટિમેટમ આપી ચૂક્યા છીએ. આપણા વચન ઉપર વિશ્વાસ રાખીને લોકએ આટલી તૈયાર કરી છે. પછી કોઇ આપણો ભરસો નહીં કરે. જેલમાં પડેલા નેતાઓને દગો દીધા જેવું લાગશે. ગાંધીજીની અંતરવ્યથા જોઇને વિઠ્ઠલભાઇએ એ વખતે વધારે દલીલ ન કરી[5] પણ એટલું ચોક્કસ કે તેમને ગાંધીજીનો લડત મુલતવી રાખવાનો નિર્ણય ગમ્યો નહોતો. કારણ કે તેઓએ બારડોલી તાલુકાના ગામે ગામ ફરીને પ્રજાને લડત માટે તૈયાર કરી હતી.

1923માં નાગપુર ઝંડા સત્યાગ્રહ થયો ત્યારે સરદાર અને વિઠ્ઠલભાઇએ સાથે મળીને સફળતા મેળવી હોય તેવા બનાવોમાંથી નાગપુર સત્યાગ્રહ સૌથી વધુ નોંધપાત્ર હતો. સરદારે સ્વતંત્રરીતે સંભાળેલા બે-ત્રણ અન્ય સત્યાગ્રહોમાં પણ નાજુક પરિસ્થિતિમાં વિઠ્ઠલભાઇએ જ મદદ કરી હતી. નાગપુર સત્યાગ્રહના સર્વેસર્વા સરદાર નિમાયા હોવા છતાં પણ વિઠ્ઠલભાઇની મદદ વિના નાગપુર સત્યાગ્રહ સફળ ન રહ્યો હોત એમ કહેવું અતિશ્યોક્તિ નથી.

ગાંધીજીએ નિયત કરેલા સમગ્ર કાર્યક્રમમાં વિઠ્ઠલભાઇને ગાંધીજીનું અસહકારનું શસ્ત્ર ગમ્યું. ગાંધીજીએ એક જ વર્ષ માટે રાષ્ટ્રવ્યાપી હડતાલનું સ્વરૂપ આપવા પ્રયત્નો કર્યા તેમજ ગાંધીજીની ઝુંબેશને સફળ બનાવવા જહેમત ઉઠાવી. તેઓ કાઉન્સિલમાં પ્રવેશ મેળવી અવરોધ ઊભો કરવામાં માનતા હોવા છતાં આંદોલનમાં જોડાયા પછી કાઉન્સિલોનો નિષ્ઠાપૂર્વક બહિષ્કાર કર્યો. પરંતુ ગાંધીજીએ અસહકાર આંદોલન નિર્ણાયક તબક્કે સંકેલી લીધું જેથી વિઠ્ઠલભાઇની ગાંધીજી પરથી શ્રદ્ધા તૂટી ગઇ. તદ્ઉપરાંત સવિનય કાનૂનભંગ લડત શરૂ કરવા નીમાયેલી સમિતિના અહેવાલ પરથી વિઠ્ઠલભાઇએ તારવ્યું કે કાઉન્સિલોનો બહિષ્કાર કરવો મોટી ભૂલ હતી. તેમને જણાયું કે

ગાંધીજીની સંતાકૂકડી જેવી નીતિનો એકમાત્ર વિકલ્પ કાઉન્સિલ પ્રવેશ હતો. અમેરિકાના પ્રવાસ પૂર્વે તેમણે જી.આઇ પટેલને (9 ઓગસ્ટ 1933)ના પત્રમાં જણાવ્યું હતું કે "હું તો ત્યાં સુધી કહું છું કે મને એક કાઉન્સિલમાં મેજોરિટી આપો અને હું બતાવી આપું કે અંગ્રેજો હિન્દુસ્તાનમાં કેવી રીતે સુખેથી સુવે છે.[6]

1927માં રેલસંકટ આવ્યું ત્યારે વિઠ્ઠલભાઇ પટેલ વડી ધારાસભાના પ્રમુખપદે હતા. તેમણે પોતાના નામથી રેલરાહત ફંડ શરૂ કર્યું. એટલું જ નહીં, તેઓ રાહતકાર્યમાં મદદ કરવા ગુજરાતમાં આવી પહોંચ્યા અને પ્રમુખ વલ્લભભાઇના હાથ નીચે એક સ્વયંસેવક તરીકે પોતે કામ કરશે એમ જાહેર કર્યું.

આ સમયે વિઠ્ઠલભાઇએ વાઇસરોયને ખેડા જિલ્લો અને અન્ય પૂરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લેવા સમજાવ્યા. લોર્ડ ઇરવિન વિઠ્ઠલભાઇ સાથે અમદાવાદમાં ડિનર અને નડિયાદમાં ટી પાર્ટી માટે સંમત થયા. 12 નવેમ્બરે 1927ના રોજ વિઠ્ઠલભાઇએ લોર્ડ ઇરવિનને લખ્યું "ઘણાં વર્ષોથી હું દારૂબંધીનો ચુસ્ત હિમાયતી છું અને મારા ટેબલ પરથી કોઇ આલ્કોહોલિક પીણું અપાતું નથી. આ પ્રસંગે પણ હું મારા સિદ્ધાંતને વળગી રહું તો નામદારને વાંધો નહિ હોય એમ મને લાગે છે."

આ પત્રના જવાબમાં તા. 16 નવેમ્બરે લોર્ડ ઇરવિને લખ્યું "ડિનરમાં દારૂબંધીના આપના સિદ્ધાંતોનું સન્માન કરવાનું હું પસંદ કરું છું."[7] આમ લોર્ડ ઇરવિન ગુજરાત આવ્યા અને ખેડા અને નડિયાદના ગામડાઓની જાત તપાસ કરી તેમની સાથે વિઠ્ઠલભાઇ પણ રહ્યા. પણ એક વાત ચોક્કસ છે કે વાઇસરોયને પણ સીધું કહી દેવું કે ડિનરમાં દારૂ પીરસવામાં નહીં આવે આવું માત્ર વિઠ્ઠલભાઇ જ કહી શકે... બીજા કોઇનું કામ નહીં.

1928માં બારડોલી સત્યાગ્રહ સરદાર પટેલના નેતૃત્વમાં થયો સત્યાગ્રહ દરમ્યાન જ્યાં સુધી બારડોલી સત્યાગ્રહની લડત ચાલે ત્યાં સુધી દર મહિને એક હજાર રૂપિયા મોકલવાનું વચન આપ્યું. આ ઉપરાંત પણ સાબરમતી આશ્રમના વ્યવસ્થાપક શ્રી છગનલાલ જોશીએ નોંધ્યું છે કે... શ્રી વિઠ્ઠલભાઇ પટેલ જ્યારથી પાર્લામેન્ટના અધ્યક્ષ-સ્પીકર બન્યા ત્યારથી સત્યાગ્રહ આશ્રમ, સાબરમતીમાં જે કંઇ ખર્ચ થતું હતું તે માટે જે કાંઇ પૈસા પોતે બચાવતા હતા તે દર મહિને મોકલતા હતા અને લગભ 30 હજાર રૂ. જેટલી રકમ થઇ હતી.[8] તેમજ 1,00,000 (રૂપિયા એક લાખ) જેટલી રાહતનિધિ તેમણે આપી. મહત્ત્વની વાત એ છે કે આ સમયે નાભાના ભૂતપૂર્વ મહારાજાએ પોતાને તડીપાર કરતા આદેશો વિશે એસેમ્બલીમાં પ્રશ્ન પૂછવાની વિઠ્ઠલભાઇ પરવાનગી આપે એ શરત હેઠળ રૂ.5,00,000 ગુજરાતના પૂરગ્રસ્ત માટે રાહતનિધિ આપવાની તૈયારી દર્શાવી પરંતુ વિઠ્ઠલભાઇએ તે શરત સ્વીકારી નહીં.

એપ્રિલ 1923માં વિઠ્ઠલભાઇ શાળાસમિતિના અધ્યક્ષ તરીકે ચૂંટાયા. એ પદેથી એમણે આપેલો ફાળો મહત્વનો ગણાય. એમણે શાળાઓના નિયમિત નિરીક્ષણ (ઇન્સ્પેક્શન)ની પદ્ધતિ દાખલ કરી, શિક્ષક-વિદ્યાર્થીનું યોગ્ય પ્રમાણ ઠરાવ્યું ને એ જળવાય એવી વ્યવસ્થા કરી. મુંબઇની લેજિસ્લેટિવ કાઉન્સિલના સભ્ય તરીકે એમણે ફરજિયાત પ્રાથમિક શિક્ષણના સિદ્ધાંતનો સ્વીકાર કરાવ્યો. બે ચૂંટણીવોર્ડોમાં એમણે એ શિક્ષણ દાખલ પણ કરાવ્યું. દલિતવર્ગોનાં બાળકોની કેળવણીને પણ વિઠ્ઠલભાઇએ વિશિષ્ટ મહત્વ આપ્યું, અને વિશેષ તો એ કે એનો અમલ થાય એની યોગ્ય કાર્યવાહી પણ કરી. વિઠ્ઠલભાઇ વર્ષ ઉપર શાળા-સમિતિના અધ્યક્ષ રહ્યા તે દરમિયાન સુધરાઇની શાળાઓમાં જતાં બાળકોની સંખ્યા બમણી થઇ.[9]

વિઠ્ઠલભાઇનું ખૂબ જ મહત્વનું કાર્ય હતું હિંદુ લગ્નધારો. એમણે ઇમ્પીરીઅલ કાઉન્સિલ-મધ્યસ્થ ધારાસભામાં ઇ.સ. 1918માં હિંદુ મેરેજીસ વેલીડીટી એક્ટ-હિંદુ લગ્નની કાયદેસરતાનો ખરડો પેશ કર્યો,

વિઠ્ઠલભાઇના બિલને કવિવર રવીન્દ્રનાથ ટાગોર, મહર્ષિ અરવિંદ ઘોષ, લાલા લજપતરાય, વગેરે ધુરંધરોનો ટેકો મળ્યો. હાઇકોર્ટમાંથી મોટા ભાગે તરફેણમાં ચૂકાદો આવ્યો. આમ ખૂબ જ મહત્ત્વનો વિજય વિઠ્ઠલભાઇને મળ્યો.

ગાંધીજીની અસહકારની હાકલની માને આપી વિઠ્ઠલભાઇએ મધ્યસ્થ ધારાસભામાંથી, થાણા જિલ્લા લોકલબોર્ડના પ્રમખપદેથી, તથા વાંદરા મ્યુનિસિપાલિટીના સરકાર નિયુકત સભ્ય પદેથી રાજીનામું. આપ્યું છતાં એ લોકસેવાને વરેલા એટલે નવા કાર્યક્ષેત્ર અંગે વિચાર્યું. કોર્પોરેશનની ચૂંટણીમાં ઊભા રહેવાની મનાઇ, અસહકારના નિયમોમાં નહોતી. એટલે એમણે કોર્પોરેશનની ચૂંટણીમાં ઊભા રહેવાનું વિચાર્યું. આ માટે ઉમેદવારાની લાયકાત જોઇએ, દાણાબજારના પ્રમુખ શ્રી વેલશીએ પોતાની મોટર વિઠ્ઠલભાઇને નામે ચઢાવી આપી. વિઠ્ઠલભાઇ કોર્પોરેશનમાં ઉમેદવાર બન્યા. વિઠ્ઠલભાઇને સમજાયું કે એકલદોકલ વ્યકિત કોર્પોરેશનમાં જાય તો તે કશું હાસલ કરી શકે નહીં. સ્થાનિક કોગ્રેસી મિત્રોના ટેકાથી એમણે સ્વરાજપક્ષ નામનો એક પક્ષ સ્થાપ્યો. પક્ષને નામે ચૂંટણી લડયા. વળી બીજાઓનો પણ ટેકો લીધો પરિણામે સાડત્રીસ સભ્યોનું એક વગદાર મંડળ કોર્પોરેશનમાં પ્રવેશ પામ્યું. વિઠ્ઠલભાઇ સાચા સમાજસુધારક. નાતજાતના કે કોમના વાડા એમને પસંદ નહીં. કોર્પોરેશનમાં રિવાજ એવો કે કોમી ધોરણે વરાફરતી મેયર ચૂટાય. તે વર્ષ એટલે કે સન 1923માં મેયર ચૂંટાવાનો વારો પારસીઓનો હતો. વિઠ્ઠલભાઇને આ પ્રથા અજુગતી લાગી. પોતે હારશે એમ જાણવા છતાં એમણે મેયરપદ માટે ઉમેદવારી કરી. પાંચ મતે એ હારી ગયા પણ એક અનિષ્ટ પ્રથાના મૂળમાં એમણે કુહાડો માર્યો. વિઠ્ઠલભાઇએ પોતાની સમગ્ર શકિત કોર્પોરેશનના કાર્યમાં લગાડી. કોર્પોરેશનના વપરાશમાં સ્વદેશી ચીજો લેવી, કાપડમાં ખાદી ખરીદવી, આયુર્વેદિક દવાખાનાં ખોલવાં, બાળકો માટે રમતગમતની જોગવાઇ કરવી, વ્યાયામ શાળાઓ શરૂ કરાવી વગેરે ઠરાવો પોતે મુકયા અને પસાર કરાવ્યા.

ત્યારે રિવાજ એવો હતો કે હરેક સભ્ય અંગ્રેજી ભાષમાં જ પોતાની વાત કરે. વિઠ્ઠલભાઇએ શાળાસમિતિની સભામાં ગુજરાતી વાતચીત શરૂ કરી. એક સભ્યે એ સામે વાંધો ઉઠાવ્યો. વિઠ્ઠલભાઇએ ''કાયદામાં કોઇ બાધ નથી'' એ વાતનું ભારપૂર્વક સમર્થન કરી, કોર્પોરેશન પાસે, દેશીભાષાઓમાં બોલવાનો અધિકાર પ્રસ્થાપિત કરાવ્યો.

કોર્પોરેશનના સભ્ય તરીકેની વિઠ્ઠલભાઇની કામગીરીનું એક અનોખું પાસું સામાન્ય માણસ માટેય, મ્યુનિસિપાલિટી અંગેની હૈયાવરાળ કાઢવાનું એ સ્થાન બન્યા તે હતું. કોઇ પણ વ્યકિત વિઠ્ઠલભાઇ પાસે પહોંચી શકતી. એમનો દરબાર આવા લોકો માટે હંમેશ ખુલ્લો રહેતો. પરિણામે નોકરો તેમજ અમલદારો તરફથી થતી પજવણીના કિસ્સા વિઠ્ઠલભાઇ પાસે આવવા લાગ્યા અને વિઠ્ઠલભાઇ એ સૌમાં જાતતપાસ આદરી સત્ય શોધતા અને ઘટતું કરતા. એક વખત એક ભાઇ એ ખબર આપ્યા કે મ્યુનિસિપલ ઇજનેર એમની પાસે લાંચ માગે છે. વિઠ્ઠલભાઇ એ કમિશ્નરને વિશ્વાસમાં લઇ છટકું ગોઠવ્યું અને નિશાનવાળી નોટો પેલા ભાઇ ને અપાવી. પરિણામે પેલા ભાઇ પકડાયા અને એ કારણે એક સારો દાખલો બેઠો. વિઠ્ઠલભાઇની કામગીરીથી મ્યુનિસિપલ કમિશ્નર શ્રી કલેટન ખૂબ પ્રભાવિત થયા અને વિઠ્ઠલભાઇના પ્રસંશક બની ગયા.[10]

ઇ.સ. 1925ના ઓગસ્ટની બાવીસમી તારીખનો એ દિવસ. તે દિવસે મધ્યસ્થ ધારાસભાના પ્રમુખની પહેલી જ વારની ચૂટણી થવાની. સૌ પ્રથમ ચૂટાયેલા પ્રમુખનું ગૌરવશાળી પદ કોણ પ્રાપ્ત કરશે તે ભારે અટકળનો વિષય હતો કારણે કે સભામાં સ્વરાજ પક્ષની સ્પષ્ટ બહુમતી નહોતી. સ્વરાજ પક્ષે વિઠ્ઠલભાઇની પસંદગી કરી હતી જયારે સામા પક્ષે રંગાચારીની. વિઠ્ઠલભાઇનું નામ જાહેર થયું તે સાથે જ આંગ્લ પ્રેસે વિઠ્ઠલભાઇ અંગે વિરોધી ટીકાઓ લખી. મુંબઇ કોર્પોરેશનના પ્રમુખ તરીકે વાઇસરોયના સન્માન પ્રસંગમાં એ હાજર ન રહ્યા

તેનો ખાસ ઉલેલેખ થયો, આમ છતાં, વિઠ્ઠલભાઇએ પોતાની સમજાવટની કામગીરી સભ્યો સાથે સ્વસ્થતાપૂર્વક શાંતિથી ચાલુ રાખી. પરિણામે મતદાનનું પરિણામ જાહેર થયું ત્યારે બે મતે વિઠ્ઠલભાઇ વિજયી નીવડયા ને ખેડૂતનો છોકરો દિલ્હીનું ઉચ્ચ સ્થાન પ્રાપ્ત કરે તેવી ગાંધીજીની સ્વરાજયલક્ષી અભિલાષા મૂર્તિમંત થઇ. સભ્યોની અને નિવૃત્ત થતા પ્રમુખની મુબારકબાદી પ્રત્યુત્તર વાળતાં વિઠ્ઠલભાઇએ કુનેહપૂર્વક એ સૂચવી દીધું કે પોતે પક્ષથી પર રહી, પાર્લામેન્ટરી પદ્ધતિના સુખદ વિકાસની દૃષ્ટિએ ચર્ચા સ્વાતંત્ર્યની મોકળાશા અર્પશે.

તે જમાનામાં પોશાક મોભાસૂચક લેખાતો. વિઠ્ઠલભાઇ ખાદીધારી. એમણે તો પ્રમુખના પોશાકમાંય ખાદીની સાદાઇ ને ગૌરવ દાખલ કર્યાં. વિઠ્ઠલભાઇ ખાદી પણ કાંતતા ને ખાદી પહેરતા. તે એટલે સુધી ચૂસ્ત હતા કે વડી ધારાસભાના પ્રમુખને ઝબ્બો પહેરવો પડે. વિઠ્ઠલભાઇ ખાદી સિવાય તો બીજુ પહેરે નહીં. હવે બીજો ઉપાય શો? એટલી કાળી ખાદી ક્યાંથી મળે? વિઠ્ઠલભાઇ પ્રતિજ્ઞા તોડે નહીં. આખરે સરોજીની નાયડૂએ પોતાની કાળી રેશમની સાડી આપીને તેનો ઝબ્બો પહેરીને વિઠ્ઠલભાઇએ પ્રમુખપદ સંભાળ્યું હતું.[11] આમ એમણે ધારાસભાના ગૌરવનું પણ રક્ષણ કર્યું.

ધારાસભાના પ્રારંભે વાઇસરોય એને સંબોધે એવો શિરસ્તો. વાઇસરોય આવે ત્યારે પ્રમુખની ખુરશીમાં બેસે અને પ્રમુખ નીચે સભ્યો સાથે બેસે. વિઠ્ઠલભાઇએ વાતવાતમાં ઇશારો પહોંચાડી દીધો કે પોતે પોતાના આસન પર બેઠેલા રહેશે, વાઇસરોય માટે નવું આસન મૂકવું પડશે અને વાઇસરોયનું સભામાં આગમન સ્પીકરની ચેમ્બરમાંથી થશે. ધારાસભામાં સ્પીકરની સર્વોપરિતાનો અને સ્પીકર-વાઇસરોયની સમાનતાનો સવાલ આમાં ભેળવાયેલો હતો. સરકારી વર્તુળોએ ઘણીય ખેચાખેંચી કરી, પણ વિઠ્ઠલભાઇ મક્કમ રહ્યા. આમ, ધારાસભાના તથા સ્પીકરના ગૌરવની નવી પ્રણાલી વિઠ્ઠલભાઇએ પાડી.[12]

પરદેશી સરકારની નોકરશાહી સાથે આમ આમ ઠડું યુદ્ધ ચાલતું હતું ત્યાં ગાંધીજીએ સન 1930ના માર્ચની બારમી તારીખે નમક સત્યાગ્રહનો પ્રારંભ કરતી દાંડીકૂચ આદરી. આ કૂચની શરૂઆત અગાઉ સરકારે સરદાર વલ્લભભાઇ પટેલને પકડ્યા. પછી તો બહિષ્કાર, સ્વદેશી ને સત્યાગ્રહની નોબતો દેશભરમાં વાગી. એવા પણ ઇશારા થાય કે વિઠ્ઠલભાઇએ રાજીનામું. આપવું ઘટે. વિઠ્ઠલભાઇએ નિવેદન કરી જણાવ્યું કે જે મિનિટે પોતાને લાગશે કે એમ કરીને દેશની સેવા વધુ સારી રીતે પોતે કરી શકશે તે મિનિટે એ રાજીનામુ આપી છૂટા થશે. દરમિયાન દેશભરમાં દમનનો અને ધરપકડનો દોર છૂટ્યો. વિઠ્ઠલભાઇના મનમાં હતું કે કેટલીક બાબતો પોતે લોર્ડ ઇરવિનને ગળે ઉતારી શકશે. પણ એમનું વલણ પણ ખાસ્સું બાદલાયેલું જણાયું એટલે 25 એપ્રિલ 1930ના રોજ એમણે વાઇસરોયને પત્રો લખી જણાવ્યું કે, ''મારૂં સર્વશ્રેષ્ઠ સ્થાન મારા દેશબાંધવો સાથે છે.'' એમણે એમ પણ ઉમેર્યું કે, ભારતના કલ્યાણનો એક માત્ર માર્ગ પરદેશી ધૂસરીમાંથી મુકત થવું તે છે. વિઠ્ઠલભાઇએ પરદેશી કાપડના બહિષ્કારની ઝૂબેશ ઉપાડી લેવા ઠરાવ્યું અને એ નિમિત્તે દેશનો પ્રવાસ ખેડવા વિચાર્યું. દરમિયાન કોંગ્રેસ પ્રમુખે એમને પેશાવરના અત્યાચારોની તપાસનું કામ સોપ્યું. પણ સરકારે એમના માટે પ્રવેશબંધી ફરમાવી. વિઠ્ઠલભાઇ કલકત્તા ગયા તો એમના સ્વાગત સામે ય સરઘસબંધી થઇ. મુંબઇ વગેરે સ્થળે પ્રચાર પ્રવાસ કરી, કોંગ્રેસ કારોબારીની સભા માટે એ દિલ્હી પહોચ્યા ત્યાં એમની ધરપકડ થઇ. હસતાં હસતાં વિઠ્ઠલભાઇએ ટકોર કરી, ''સારી કામગીરી બદલ ઇગ્લેંડની આમસભાના સ્પીકરને ઉમરાવપદ મળે છે. મને પણ જેલવાસનું નજરાણું પ્રાપ્ત થયું છે.'

એમની તબિયત આમે ય કથળેલી હતી પંજાબની જેલમાં એ વધું કથળી એટલે સરકારે એમને દક્ષિણમાં ખસેડયા. ત્યાં કોઇમ્બતુરની જેલમાં ઓપરેશન દરમ્યાનની અવસ્થામાં એ ટેબલ પરથી ગબડી ગયા. સારવાર માટે

એમને વિયેના મોકલવાનું ઠર્યું. એટલે સરકારે એમને મુક્ત કર્યા. વિયેનામાં તબિયત ઠીક થતાં, દાકતરોની પરવાનગી નહોતી તો પણ એ ઇગ્લેંડ ગયા અને ગોળમેજી પરિષદની ગાંધીજીની વાટાઘાટો પર ગરુડ નજર રાખવા લાગ્યા. કોમી મતાધિકારનો કડવો ઘૂંટડો પી ગાંધીજી દેશ પાછા ફર્યા ત્યારે વિઠ્ઠલભાઇ સાથે હતા. ભારતના કિનારે ઉતરતાં જ એમની ધરપકડ થઇ. જેલનિવાસને કારણે એમની તબિયત ફરી લથડી અને પુનઃ સરકારે એમને સારવાર માટે વિયેના મોકલવા મુકત કર્યા. તે સમયે એમણે દેશનો કિનારો છોડયો તે અંતિમ વિદાય જ હશે એમ કોણ કહી શકતું હતું.?[13]

વિઠ્ઠલભાઇ સ્પીકરપદે ચૂંટાયા પણ એમની કામગીરી ઘણી કઠણ હતી. એક બાજુ આ સ્પીકરની સર-ખામણી, હાઉસ ઑફ કોમન્સના સ્પીકર સાથે થાય તો બીજી બાજુ પાયાની મુશ્કેલી એ કે સરકાર ધારાસભાને જવાબદાર નહીં. ઉપરાંત ધારાસભાના સભ્યોનો મોટો ભાગ પ્રજાકીય દષ્ટિબિંદુ સ્વતંત્ર રીતે રજૂ કરનાર નહીં. આ સંયોગોમાં સ્પીકરપદનું ગૌરવ અને મોભો રક્ષવા, તટસ્થતા જાળવવી અને સરકારથી પર બની, ઉત્તમ પાર્લમેન્ટરી પ્રણાલી પાડવી એ ભારે હિંમત અને કૌશલ્યનું કામ હતું.

વિઠ્ઠલભાઇએ થોડા જ વખતમાં પોતાની શકિતનો પરચો બતાવી દીધો. ધારાસભા શરૂ થાય ત્યારે સામાન્ય રીતે વાઇસરોય સભાગૃહને સંબોધે. આ સંબોધનનો પ્રસંગ ત્યારે શાહી ઠાઠ, દમામ અને દબદબાયુકત રહેતો. પોતાના દરબારી પોશાકમાં વાઇસરોય સભાગૃહમાં પ્રવેશે ત્યારે એમનો ઝૂલતો, ઢસરડાતો ઝભ્ભો રાજા મહારાજાઓ ઊંચકે એ ય માન લેખાતું ને કૃપાઅવતારનું ચિહ્ન મનાતું. કારોબારીના સભ્યો, કેડે તલવાર ખોસી, રાજાશાહી પોશાક ધારણ કરતા. વાઇસરોય પ્રવેશે ત્યારે પ્રમુખને પોતાની ખુરશી ખાલી કરવી પડતી અને નીચે આવી સૌ સભ્યો સહ એમને અલગ આસન મળતું. સ્પીકરની ખુરશીમાં બિરાજમાન થઇ વાઇસરોય પોતાનું પ્રવચન આપતા. આ પ્રવચનમાં કંઇક લાલચ, કંઇક ખુશામત કે કંઇક ધમકીનાં દર્શન થતાં; એટલું જ નહીં આ આખો પ્રસંગ એમ પુરવાર કરતો કે વાઇસરોય ધારાસભાના કે ધારાસભાગૃહના ય વડા હતા અને ધારાસભાના પ્રમુખે એમના પ્રતિ ઉપરીની અદાથી જોવાનું રહેતું.

સ્વતંત્ર મિજાજ ધરાવતા અને સ્પીકરના ધારાસભાગૃહ પરના અબાધિત, અસંદિગ્ધ કાબૂ, અંકુશ અને વર્ચસ્વના હિમાયતી વિઠ્ઠલભાઇથી આ સાંખ્યું જાય તેમ નહોતું, એમણે તો વાતવાતમાં વાઇસરોયને કહેવડાવી દીધું કે પોતે વાઇસરોય પ્રવચન કરવા આવશે ત્યારે, પોતાની ખુરશી છોડવાના નથી અને વાઇસરોયે સ્પીકરની ચેમ્બરમાંથી જ ધારાસભામાં પ્રવેશ કરવો પડશે. વિઠ્ઠલભાઇની વાતમાત્રે મોટો બોમ્બશેલ ફેકયો. સરકારી વર્તુળોમાં ફફડાટ વ્યાપી ગયો. વાઇસરોયની સત્તા પરનો આ કાપ, સ્પીકરની ધારાસભાગૃહ પરની સંપૂર્ણ સત્તાનો સ્વીકાર, સરળતાથી ગળે ઊતરે તેમ નહોતાં. આમ છતાં વિઠ્ઠલભાઇના સ્વભાવથી પરિચિત સૌ કોઇ એમને પડકાર આપવા તૈયાર નહોતા. નોકરશાહીએ વિઠ્ઠલભાઇને મનાવવા, ખેડા જિલ્લાના એક માજી કલેકટર અને તે વખતના મધ્યસ્થ સરકારના એક ઉચ્ચ અમલદારને વિઠ્ઠલભાઇ પાસે મોકલ્યા. એણે વિનવણી કરી કે વિઠ્ઠલભાઇ એ આટલો એક વખત આગ્રહ છોડી દેવો અને હંમેશના લશ્કરી દબદબા સહ વાઇસરોયની સવારીનો કાર્યક્રમ પતાવવા દેવો. આ પછીના પ્રસંગથી વાઇસરોય પોતે આ પદ્ધતિમાં, વિઠ્ઠલભાઇની મરજી મુજબ, વ્યાજબી ફેરફાર કરશે તથા વિઠ્ઠલભાઇ માટે ફરિયાદનું કોઇ કારણ નહીં રાખે. વિઠ્ઠલભાઇ નોકરશાહીની આ ટાળનીતિથી પાકા પરિચિત હતા. એ પોતે માનતા કે-‘‘ઓટીમાંનો હારે ને મૂઠીમાંને જીતે’’-એટલે આવી તક જવા દેવા રાજી નહોતા.

પેલાએ ઘણી ય કાકલુદી કરી, પાર વગરની વિનવણી કરી પણ વિઠ્ઠલભાઇ એકના બે થાય નહી અને વાઇસરોયને હંમેશનો દમામ ત્યજી ધારાસભાગૃહમાં સ્પીકરની ચેમ્બર-માંથી પ્રવેશવું પડયું. સ્પીકર પોતાની ખુરશી પર બિરાજમાન રહ્યા અને વાઇસરોય માટે બાજુએ આસન ગોઠવાયું. સ્પીકરની ધારાસભાગૃહમાંથી સર્વોપરિતા સ્વીકારાઇ, વાઇસરોયની સર્વત્ર, સર્વસત્તાવાન તરીકેની આભા ઓસરી અને સ્પીકરપદનું ગૌરવ વધ્યું નોકરશાહીના દિલે જાણે ડામ દેવાયો અને વિઠલભાઇએ પોતાની બેઠક પરથી મંદ મંદ હાસ્ય મરકાવતાં પોતાની લાંબી દાઢી પર હાથ ફેરવતાં ફેરવતાં, લોકશાહીનો વિજય, ધ્વજ લહેરાવ્યો.[14]

ગાંધીજીએ સન 1921માં અસહકારની લડત ઉપાડી. એ લડતનો એક કાર્યક્રમ સરકારી માનચાંદ, ખિતાબો મિલનો મિજલસોનો બહિષ્કાર હતો. બન્યું એવું કે ઇ.સ.1924ના અંત ભાગે વાઇસરોય લોર્ડ રીડિંગ મુંબઇની સત્તાવાર મુલાકાતે આવ્યા. મુલાકાતનો હેતુ ગેટ વે ઓફ ઇન્ડિયાનો ઉદ્દઘાટન વિધિ હતો. વાઇસરોયની સત્તાવાર મુલાકાતના પ્રસંગે મુંબઇ કોર્પોરેશનના મેયરે સ્વાગતથી માંડી સૌ કાર્યક્રમોમાં હાજરી આપવી પડે. સંયોગવસાત ત્યારે મુંબઇ કોર્પોરેશનના પ્રમુખ સદ્ગત વિઠ્ઠલભાઇ પટેલ હતા. કોંગ્રેસના એ આગેવાન.વળી અસહકારને એ વરેલા. એમણે મુંબઇ સરકારને લખી દીધું કે વાઇસરોયના કોઇ સત્તાવાર કાર્યક્રમમાં પોતે હાજર રહી શકશે નહીં. કટોકટીભરી પ્રરિસ્થિતિ સર્જાઇ વાઇસરોય આવે ને મુંબઇના પ્રથમ નાગરિક ગેરહાજર રહે તે કેવું બાંડું લાગે ! સરકારે કોર્પોરેશનના સભ્યોનો સંપર્ક સાધ્યો. સરકાર નિયુકત તેમજ સરકાર તરફી સંખ્યાબંધ સભ્યો પર દબાણ થયું કે મેયરને સમજાવી હા પડાવો નહીંતર સભા બોલાવી મેયરને હાજર રહેવાનો આદેશ આપો. પોતાના સિદ્ધાન્તને વળગી રહેનારા વીર વિઠ્ઠલભાઇએ મચક ન આપી. કોર્પોરેશનની સભા બોલાવાઇ. વિઠ્ઠલભાઇએ પોતાના પક્ષે સ્પષ્ટતા કરી કે એમનો આશય વાઇસરોય પ્રત્યે કોઇ અંગત અનાદરભાવનો નથી. સવાલ છે રાષ્ટ્રના સ્વમાનનો તેમજ પોતાના અંતરાત્માના અવાજનો. કોઇ કારી ફાવી નહીં એટલે કાનૂની મુદ્દો ઉઠાવાયો. પ્રમુખના કાર્ય વિશે ચર્ચા થતી હોય તો પ્રમુખ અધ્યક્ષપદે બેસી શકે ખરા ? વિઠ્ઠલભાઇએ ખુલાસો કર્યો કે પોતે મ્યુનિસિપલ ધારા મુજબ કાર્યવાહી ચલાવતા હતા. પરિણામે કોઇનો વાંધોવચકો ચાલ્યો નહીં. સભાની કાર્યવાહી પરચુરણ કામકાજ બાદ પૂરી થઇ. પણ ધૂંધવાટ શમ્યો નહીં. સરકાર તરફી સભ્યોએ વાઇસરોયના સમારંભમાં પ્રમુખની હાજરીનો સવાલ ચર્ચવા ખાસ સભા બોલાવી. વિટ્ઠલભાઇ એ સભામાં ગેરહાજર રહ્યા. સરકાર તરફી સભ્યોએ બહુમતીથી ઠરાવ કર્યો કે પ્રમુખે સમારંભમાં હાજર રહેવું.

આમ, છતાં અંતરાત્માના અવાજને માન આપી. મેયર ગેરહાજર રહ્યા. એમની ગેરહાજરી સૌએ નોંધી. અખબારોમાં પણ એ ચમકી અને ચર્ચાનો વિષય બની ઠરાવ કરનારા સભ્યો ઉશ્કેરાયા. સરકારી વર્તુળો ધૂધવાટ અનુભવી રહ્યાં. સભાના આદેશનો અનાદર કરવા બદલ એમની સામે અવિશ્વાસની દરખાસ્ત લાવવાનું વિચાર્યુ.

પ્રમુખ વિઠ્ઠલભાઇ ગાંજય જાય તેમ નહોતા અગમચેતી વાપરી એમણે પછીની સભાના એક દિવસ અગાઉ મેયરપદનું રાજીનામું મોકલી આપ્યું. બીજે દિવસે વિભિન્ન પ્રકારની કલ્પનાઓ લડાવતા સભ્યો સભામાં એકત્રિત થયા. એમણે જાયું કે પ્રમુખની ખુરસી ખાલી હતી. આશ્ચર્ય એ વાતનું હતુ કે મેયર વિઠ્ઠલભાઇ સભ્યોની હારમાં સભા મધ્યે ગુપચુપ બેઠા હતા.

આ આશ્ચર્યનું નિવારણ કોર્પોરેશનના સેક્રટરીએ કર્યું. એમણે મેયરનો પત્ર વાંચી સંભળાવ્યો. મેયરે લખ્યું હતું. કે ‘મારા વગણની સ્પષ્ટ જાણ હોવા છતાં મારે સમારંભમાં હાજર રહેવું તેવું બહુમતી સભ્યોએ ઠરાવ્યું તેને હું મારા પ્રત્યેના અવિશ્વાસનું સૂચક લેખું છું. અને એટલે મારા અંતરાત્માના અવાજને માન આપી. મેયરનું સ્થાન

ખાલી કરવાની મારી ફરજ સમજું છું. મિત્રોએ મને સલાહ આપી હતી કે ઠરાવ પક્ષે નજીવી બહુમતી હતી. એટલે મારે એને અવિશ્વાસ સૂચક ન ગણવો. એમની ભાવના બદલ હું એમનો ઋણી છું પણ મારા સ્વમાન ખાતર રાજીનામું આપવું મને ઉચિત લાગ્યું છે.' સભામાં સન્નાટો વ્યાપી ગયો. ઘણાના મનની મનમાં રહી ગઇ. હવે આગળ કેવી રીતે કામ લેવું તે સવાલ થયો. થોડી મસલતો અંતે નક્કી કરવામાં આવ્યું કે વિઠ્ઠલભાઇને જ એ સભાનું પ્રમુખપદ લેવા વિનંતી કરવી. વિઠ્ઠલભાઇએ વીરની અદાથી તેનો સ્વીકાર કર્યો અને સભાની કાર્યવાહી સંભાળી.

આમ, છતાંય કટોકટીનો અંત આવ્યો ન હતો. ફરી સભા થઇ. અને ત્યારે પણ વિઠ્ઠલભાઇને વિનંતી કરવામાં આવી કે એ સભાનું અધ્યક્ષપદ તેઓ સ્વીકારે. પુનઃફરજનો કાંટોળો તાજ પહેરી વિઠ્ઠલભાઇએ મ્યુનિસિપલ કાર્યવાહી પતાવી. ત્રીજી સભા 1925ના જાન્યુઆરીની પાંચમી તારીખે બોલાવાઇ. સભાનું ખાસ કામ મેયરની ચૂંટણીનું હતું. રાષ્ટ્રીય પક્ષના એક આગેવાને એવી દરખાસ્ત મૂકી કે વિઠ્ઠલભાઇને મેયર તરીક પસંદ કરવા. એમને ટેકો મળ્યો બહેરામજી જીજીભાઇ જેવા સરકાર તરફી સભ્યનો. બહેરામજીએ જણાવ્યું કે વિઠ્ઠલભાઇએ જે રીતે મેયર તરીકે કામગીરી બજાવી છે તે સૌના આદરને પાત્ર છે. એમને પુનઃએ કાર્યભાર સોંપવો એ મ્યુનિસિપાલિટીના પોતાના હિતની વાત છે.

આ પ્રસંગે હાજર અંગ્રેજ મ્યુનિસિપલ કમિશનર શ્રી કલેટને, પોતાના વતી ઉમેર્યું કે મેયરપદને શોભાવ તેવા સૌ ગુણો ને શકિતઓથી વિઠ્ઠલભાઇ અલંકૃત છે. મેયર તરીકેની એમની કામગીરીએ એમના નિષ્પક્ષપાતપણાની એમની આવડતની તેમજ એમની કાર્યકુશળતાની ઉંડી છાપ ઊભી કરી છે. ચઢેલાં પાછલાં કામોનો ગંજ એમના મેયરકાળ દરમ્યાન ઓસરી ગયો છે. એટલે મારી ભલામણ છે કે એમને મેયર તરીકે ફરી ચૂંટવા. વિઠ્ઠલભાઇ પુનઃ મેયર તરીકે ચૂંટાયા પરિણામે રાષ્ટ્રીયતાની ધજા લહેરાઇ અને વિઠ્ઠલભાઇની નીડરતા ને વીરતાની પ્રશંસા થઇ. એમની મેયરપદની કારકિર્દી દરમ્યાન એમણે એવી કુનેહથી કામ લીધું કે ભલભલા વિરોધીઓ પણ એમના પ્રસંશક બની ગયા.

દિલ્હીની મધ્યસ્થ ધારાસભા-હાલની પાર્લામેન્ટ-ના સભ્યપદે એ ચૂટાયા ત્યારે મેયરપદેથી એ નિવૃત થયા. એ પ્રસંગે એમના માનમાં એક ભવ્ય વિદાય સમારંભ યોજાયો, જેમાં એમના કાર્યની કદરના પ્રતીક તરીકે એમને દસ હજાર રૂપિયાની થેલી અર્પણ કરવામાં આવી હતી.[15]

વર્તમાન પરિસ્થિતિમાં વીર વિઠ્ઠલભાઇના પ્રસ્તુત્વને દાખવતા કેટલાય પ્રસંગો, પરિસ્થિતિઓનો ઉલ્લેખ ઉપર કર્યો છે. પરંતુ હજી પણ કેટલાંક એવાં પાસાં છે કે જેમાં વિઠ્ઠલભાઇ અદ્વિતીય હતા. જેનો ઉલ્લેખ અત્રે કેટલીક મર્યાદાઓને કારણે થઇ શક્યો નથી. આજે આપણો દેશ વર્ષો પછી પણ કેટલીય મુશ્કેલીઓ અને ભયંકર ગેરવહીવટ છતાંય ટકી રહ્યો છે. ફક્ત ટકી રહ્યો છે એટલું જ નહીં પરંતુ કેટલાક ક્ષેત્રોમાં આપણે અગ્રેસર છીએ તેનું એકમાત્ર કારણ વીર વિઠ્ઠલભાઇ જેવા દેશભક્તનું આ દેશને પ્રદાન છે. ઇતિહાસ જે લખાઇ ગયો છે, તે હવે બદલાવાનો નથી. પણ જે ઇતિહાસ હવે લખાવાનો છે તેમાં આપણી પેઢી મહત્ત્વનો ભાગ ભજવવાની છે. ત્યારે વીર વિઠ્ઠલભાઇને એક આદર્શ તરીકે લઇ તેમના જીવનની અંતિમ ક્ષણોના શબ્દોને યાદ કરીએ. "મારા દેશ બાંધવોને, ભારતમાંના તેમજ દુનિયાભરના મિત્રોને મારા દિલની દુઆ આપજો. ભારતની સ્વતંત્રતા વહેલી પ્રાપ્ત થાય એવી પ્રાર્થના, મારું મૃત્યુ થાય તે પહેલાં હું કહું છું."[16]

વીર વિઠ્ઠલભાઇનું અવસાન થયું ત્યારે સરદારે 21મી નવેમ્બર 1933માં મથુરદાસ ત્રિકમજી ઉપર પત્ર લખ્યો હતો. તેના ઉપરથી તેમની તે વખતની મનઃસ્થિતિનો ખ્યાલ આવે છે. તેમણે લખ્યું હતું કે કોઇ-કોઇ વાર

સ્મરણ (વિઠ્ઠલભાઇનું) થઇ આવે છે. પણ એ બધું હવે વેદનાકર્તા નથી. ઇશ્વરને ગમ્યું તે ખરૂં. જતાં-જતાં કુટુંબની, કોમની અને મુલકની આબરૂ વધારી ગયા છે. એટલે હું હવે જરાયે ચિંતા કરતો નથી.[17] બન્ને ભાઇઓમાં વેદના અને પીડા સહન કરવાની અને કઠોર જીવન શિસ્તપૂર્વક જીવવાની અસાધારણ ક્ષમતા હતી. બંને ભાઇઓમાં ક્યારેય મનભેદ નહોતો. બંનેની કામ કરવાની કાર્યશૈલી અને ક્ષેત્ર અલગ હતા પણ બંનેનું અંતે તો લક્ષ્ય એક જ હતું.

આમ વિઠ્ઠલભાઇ કમનસીબે ઝાઝુ જીવ્યા નહીં. નહીં તો દેશને વધુ લાભ મળ્યો હોત. 1912માં મુંબઇની લેજિસ્લેટિવ કાઉન્સિલમાં તેઓ ચૂંટાયા અને 22 ઑક્ટોબર 1933માં તેમનું નિધન થયું. તેઓ જાહેર જીવનમાં ઊંચું પદ પ્રાપ્ત કરવામાં સફળ થયા. એ દિવસોમાં ભાગ્યે જ કોઇ હિંદી અંગ્રેજ સામે પડવાનું પસંદ કરતો પણ વિઠ્ઠલભાઇને તો કોઇની ખોટી ખુશામત કરવી નહોતી ગમતી. તે કાયદાને આધીન લડત આપતા અને વિજયી બનતા. તેઓની નીડરતા નૈતિકતા, વીરતા, સૈનિકની અડગતા, સાહસિકતા તથા સ્વાર્પણની જલવંત ભાવના, ઉત્તમ રાષ્ટ્રભાવના, જેવા ગુણોનો આપણે પણ આપણા જીવનમાં આવિષ્કાર કરીએ.

- પાદનોંધઃ-

1. પાઠક, રામનારાયણ ના. (1975), સરદાર વલ્લભભાઇ પટેલ, નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ, પૃ.33.
2. પટેલ, ગોરધનભાઇ આઇ. (2010), વિઠ્ઠલભાઇ પટેલ પ્રતિભા અને પરિબળો, સરદાર પટેલ ટ્રસ્ટ, કરમસદ, પૃ. XVII.
3. પાઠક, રામનારાયણ ના., સરદાર વલ્લભભાઇ પટેલ, પૃ.36.
4. દોષી, યશવંત (2002), સરદાર વલ્લભભાઇનું જીવનચરિત્ર, નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ, પૃ.119.
5. પાઠક, રામનારાયણ ન., પૂર્વોક્ત, પૃ.110.
6. પટેલ, ગોરધનભાઇ આઇ. પૂર્વોક્ત, પૃ. xxii.
7. દેસાઇ, ચિત્તરંજન દાદુભાઇ, (2013), ભારતનો સ્વતંત્રતા સંગ્રામ પુનઃ મૂલ્યાંકન- ગુજરાતના દેસાઇઓ અને પટેલોનો વારસો, દર્શક ઇતિહાસ નિધી, વડોદરા, પૃ.221.
8. જોષી, છગનલાલ (1976), સરદારની આત્મીયતા, સરદાર વલ્લભભાઇ પટેલ જન્મ શતાબ્દી સમિતિ, ગાંધીનગર, પૃ.115.
9. પટેલ, એચ.એમ. (1990), આધુનિક ભારતના ઘડવૈયા- વિઠ્ઠલભાઇ પટેલ, ભારત સરકાર પ્રકાશન વિભાગ માહિતી અને સૂચના મંત્રાલય, નવી દિલ્હી, પૃ. 69.
10. પટેલ, ઇશ્વરભાઇ, (1985), વીર વીઠ્ઠલભાઇ, સરદાર પટેલ સેવા સમાજ, અમદાવાદ, પૃ.29.
11. જોશી, અંબેલાલ (1948), રાષ્ટ્ર વલ્લભ-સરદાર વલ્લભભાઇ, સહકારી પ્રકાશન લિમિટેડ, બૃહદ ગુજરાત પ્રકાશન મંદિર, મુંબઇ, પૃ.105.
12. પટેલ, ઇશ્વરભાઇ, પૂર્વોક્ત, પૃ. 38.
13. પટેલ, ઇશ્વરભાઇ, પૂર્વોક્ત, પૃ. 56.
14. પટેલ, ઇશ્વરભાઇ (1985), દેશભક્ત કથામાળા- વીર વિઠ્ઠલભાઇ, પ્રકાશ સાહિત્ય ભંડાર, અમદાવાદ, પૃ.13.
15. પટેલ, ઇશ્વરભાઇ (1985), વીર વિઠ્ઠલભાઇ, સરદાર પટેલ સમાજ, અમદાવાદ, પૃ. 29.
16. પટેલ, એચ.એમ., (1983), વિઠ્ઠલભાઇ પટેલ, સરદાર પટેલ ટ્રસ્ટ, સરદાર પટેલ - વીર વિઠ્ઠલભાઇ પટેલ સ્મારક ભવન, કરમસદ, પૃ.27.
17. દોષી, યશવંત, પૂર્વોક્ત, પૃ. 327.